For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## 1લી મે ગુજરાત સ્થાપના દિનની સુરતમાં થનારી ઉજવણી પૂર્વે શહેર ઝગમગ્યું...



■ આવતીકાલે તા.1લી મે, ગુજરાતનો સ્થપના દિવસ છે. 66 વર્ષ પહેલા ગુજરાત રાજ્યનો જન્મ થયો હતો. આ વખતે સ્થાપના દિનની રાજ્ય કક્ષાની ઉજવણી સુરતમાં થશે. સ્થાપના દિનની ઉજવણી સાથે સુરતમાં બે દિવસીય વાઈબ્રન્ટ ગુજરાત કોન્ફરન્સ પણ યોજાશે. સ્થાપના દિનની ઉજવણી માટે સુરતમાં બે દિવસ પહેલા જ સરકારી કચેરીઓમાં રોશની કરવામાં આવી હતી. પ્રસ્તુત તસવીરમાં સુરતની કલેકટર કચેરીની સાથે સાથે પાછળ આવેલું સરકીટ હાઉસ પણ રોશનીને કારણે ઝગમગી રહ્યું છે. **(તસવીરઃ હેમંત ડેરે)**

# કાલે ગુજરાત સ્થાપના દિનની ઉજવણી સાથે બે દિવસ ‘વાઇબ્રન્ટ કોન્ફરન્સ’

**મુખ્યમંત્રી** ભૂપેન્દ્ર પટેલ દ્વારા ઉદઘાટન કરાશે, જાપાન, સિંગાપોર, યુક્રેન અને રવાન્ડા જેવા દેશોની હાજરી રહેશે

**1લી** મેના રોજ મગદલ્લા વાય જંક્શનથી ડુમસ સી ફેસ સુધી પરેડ થશે, સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાશે

ગાંધીનગરઃ ગુજરાત સ્થાપના દિવસના પાવન અવસરે દક્ષિણ ગુજરાતના આર્થિક પરિવર્તન માટે સુરત સજ્જ બન્યું છે. આગામી ૧ અને ૨ મે, ૨૦૨૬ દરમિયાન સુરતની ઑરો યુનિવર્સિટી ખાતે ‘વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ’ (VGRC)ની ત્રીજી આવૃત્તિ યોજાશે. સીએમ ભૂપેન્દ્ર પટેલ આ કોન્ફરન્સનું ઉદ્ઘાટન કરશે, જેમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિત વિદેશી રાજદ્વારીઓ અને અગ્રણી ઉદ્યોગપતિઓ સહભાગી થશે.

આ કોન્ફરન્સમાં ટેક્સટાઈલ, જેમ્સ એન્ડ જ્વેલરી, કેમિકલ-પેટ્રોકેમિકલ્સ, ગ્રીન એનર્જી, સ્ટાર્ટઅપ્સ, MSME, એગ્રો-ફૂડ પ્રોસેસિંગ અને ઈકોટુરિઝમ

...અનુસંધાન પાના 5 પર

### વાઈબ્રન્ટ કોન્ફરન્સમાં કઇ કઇ મુખ્ય હાઈલાઈટ્સ રહેશે?

- સુરત કટ ડાયમંડ - GI ટેગ પર ખાસ કવરનું પ્રકાશન.
- દક્ષિણ ગુજરાતમાં નવી અને સ્માર્ટ GIDC એસ્ટેટની જાહેરાત.
- જાપાન અને યુક્રેન જેવા દેશો દ્વારા ખાસ સેમિનારનું આયોજન.

### મગદલ્લાના વાય જંક્શનથી ડુમસ સી ફેસ સુધી ભવ્ય પરેડ, સાંસ્કૃતિક કાર્યક્રમો થશે

કોન્ફરન્સની સાથે જ ૧ થી ૫ મે દરમિયાન વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન (VGRE) યોજાશે, જેમાં MSME અને સ્ટાર્ટઅપ્સને આંતરરાષ્ટ્રીય ખરીદદારો સાથે જોડવામાં આવશે. ટેક્સ્ટાઇલ, જેમ્સ એન્ડ જ્વેલરી, કેમિકલ, અને ગ્રીન હાઇડ્રોજન જેવા ક્ષેત્રો પર વિવિધ ટેકનિકલ સત્રો યોજાશે.

### આ વાઈબ્રન્ટ કોન્ફરન્સ દ.ગુ. માટે વિકાસનાં દ્વાર ખોલશેઃ જીતુ વાઘાણી

સીએમ ભૂપેન્દ્ર પટેલે કેબિનેટ બેઠકમાં જણાવ્યું હતું કે, VGRC માત્ર રોકાણ માટે જ નહીં, પરંતુ પ્રાદેશિક અર્થતંત્રને સશક્ત બનાવી ‘વિકસિત ભારત@2047’ના વિઝનને સાકાર કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે. કેબીનેટ પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ કહ્યું હતું કે, આ કોન્ફરન્સ મધ્ય અને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓ માટે વિકાસના નવા દ્વાર ખોલશે.

### સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ અને ગિફ્ટ સિટી પર વિશેષ સત્ર થશે

ગુજરાત દેશમાં સ્ટાર્ટઅપ ક્ષેત્રે ‘બેસ્ટ પર્ફોર્મર’ રહ્યું છે ત્યારે આ કોન્ફરન્સમાં સ્ટાર્ટઅપ્સ માટે ખાસ સેમિનાર યોજાશે. જેમાં ડ્રોન ટેક્નોલોજી, ઈવી ચાર્જિંગ અને ગ્રીન એનર્જી ક્ષેત્રના નિષ્ણાતો માર્ગદર્શન આપશે. આ ઉપરાંત, ગિફ્ટ સિટી (GIFT City) ને ગ્લોબલ ફાઇનાન્સ અને ફિનટેક હબ તરીકે રજૂ કરવા માટે ખાસ ‘ગુજરાત GCC કોન્ક્લેવ’નું આયોજન પણ કરવામાં આવશે.

# ઘી અને આઈસક્રીમના 6 નમૂના ફેઈલ, કોસાડની ન્યૂ આદિનાથનું ઘી ‘અનસેફ’

**સિટીલાઈટના** શિવ કૈલાશ આઈસક્રીમ અને ઉધના-મગદલ્લા રોડના કેફે ડીઝાયરના આઈસક્રીમમાં મિલ્ક ફેટનું પ્રમાણ ઓછું




સુરતઃ સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા શહેરમાં ઘી અને આઈસક્રીમનું વેચાણ કરતી સંસ્થાઓમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. લેવામાં આવેલા નમૂનાઓ પૈકી કુલ 6 નમૂનાઓ ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-2006 ના ધારાધોરણ મુજબ ના હોવાનું પબ્લિક હેલ્થ લેબોરેટરીના અહેવાલમાં સામે આવ્યું છે.

જેમાં કોસાડ ગામ સ્થિત વેદાંત ટેક્ષમાં આવેલા ‘ન્યુ આદિનાથ ડેરી પ્રોડક્ટ ગોડાઉન’ માંથી લેવામાં આવેલા ઘી ના 4 નમૂનાઓ ગુણવત્તામાં નિષ્ફળ ગયા છે. આ પૈકી ‘શ્રી માઉલી ગોલ્ડ ઘી’, ‘મોતીરાજ પ્રીમિયમ દેશી ઘી’ અને ‘મોતીરાજ પ્રીમિયમ કાઉ ઘી’ માં ટ્રાન્સ-ફેટનું પ્રમાણ નિર્ધારિત મર્યાદા કરતા વધુ મળી આવતા તેને ‘અનસેફ’ જાહેર કરવામાં આવ્યા છે, જ્યારે ‘શાશ્વત પ્રીમિયમ કાઉ પ્યોર ઘી’ માં બીટા-સિટોસ્ટેરોલની હાજરી જણાતા તેને ‘સબસ્ટાન્ડર્ડ’ જાહેર કરાયું છે.

આ ઉપરાંત, સિટી લાઈટ વિસ્તારમાં અશોક પાન સામે આવેલા ‘શિવ કૈલાસ આઈસક્રીમ એન્ડ જ્યુસ પાર્લર’ માંથી લેવાયેલ વેનીલા આઈસક્રીમનો નમૂનો પણ સબસ્ટાન્ડર્ડ જાહેર થયો છે, કારણ કે તેમાં મિલ્ક ફેટ અને બી.આર. રીડીંગ ધારાધોરણ કરતા ઓછું મળી આવ્યું હતું. તેમજ ઉધના મગદલ્લા રોડ પર સ્થિત ‘કેફે ડીઝાયર’ માંથી લેવામાં આવેલ મલાઈ પિસ્તા આઈસક્રીમમાં પણ મિલ્ક ફેટનું

...અનુસંધાન પાના 5 પર

### સુરત મહાનગર પાલિકામાં આ વખતે મેયરપદ અઢી વર્ષ માટે મહિલા માટે અનામત છે

# મેયર માટે ભાજપની કઈ મહિલા થશે ‘સશક્ત’!

**ચાર** હોદ્દા માટે ચાર સમીકરણ, સૌરાષ્ટ્રવાસી, સુરતી, પરપ્રાંતીય અને ઉત્તર ભારતીય

**વરાછામાં** આપના સફાયા બાદ મેયર પદ પર સૌરાષ્ટ્રવાસીનો મજબૂત દાવો

**સ્ટેન્ડિંગ** ચેરમેન મૂળ સુરતી બને તેવી સંભાવના, ડે.મેયર અને શાસક પક્ષના નેતાનું પદ અન્યો વચ્ચે વહેંચાશે

સુરતઃ સુરત મહાપાલિકાની ચૂંટણી બાદ હવે ખરો ખેલ મેયર સહિતના પદાધિકારીઓ માટે શરૂ થઈ ગયો છે. આ વખતે સુરત મહાપાલિકામાં મેયરપદ મહિલા માટે અનામત છે. જેથી મેયર મહિલા બનશે તે નક્કી છે. ખાસ કરીને વરાછા અને કતારગામ જેવા પાટીદાર બહુલ વિસ્તારોમાં ભાજપના શાનદાર પ્રદર્શનને જોતા કોઈ પાટીદાર મહિલાને મેયર બનાવવાની પ્રબળ શક્યતા સેવાઈ રહી છે. મેયરની વરણી સાથે જ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન, ડેપ્યુટી મેયર અને શાસકપક્ષ નેતાના સમીકરણો પણ સ્પષ્ટ થતા હોય છે ત્યારે આ વખતે હાઈકમાન્ડ સૌરાષ્ટ્રવાસી, સુરતી, મરાઠી, ઉતરભારતીયને બદલે ગુજરાતી અને પરપ્રાંતિય, એમ બે રિજનલ એંગલથી પણ સમીકરણો સેટ કરીને સુરતને ‘મિનિ ઈન્ડિયા’ તરીકે પ્રોજેક્ટ કરવા પદોની વહેંચણી કરે તો નવાઈ નહીં હોય. આ વખતે તમામ પરિબળોને સંતોષ થાય તેવી રીતે પદોની વહેંચણી કરવી ભાજપ માટે લોઢાના ચણા ચાવવા જેવું બની શકે છે. હાલમાં તો ચુંટણી જીતતા જ પદવાંચ્છુ નગરસેવકોએ પોતપોતાના

...અનુસંધાન પાના 5 પર

### પાટીદાર ચહેરામાં ઉર્વશી પટેલ કે કાવ્યા કથીરિયા? સુરતીમાં પ્રતિભા દેસાઇ-નેન્સી શાહ અને વૈશાલી શાહ વચ્ચે સ્પર્ધા

વરાછા અને પુણા જેવા પાટીદાર વિસ્તારમાં જે રીતે ભાજપે આ વખતે ક્લીન સ્વીપ કર્યું છે, તે જોતાં પાટીદાર સમાજને સંતોષવા માટે પાર્ટી ગંભીરતાથી વિચારણા કરે તેવી શક્યતા છે. ત્યારે જો પાટીદાર મહિલા કોર્પોરેટરને મેયર બનાવવાનું નક્કી થાય તો આપ છોડી ભાજપમાં આવેલા અને

...અનુસંધાન પાના 5 પર

### જીતી તો ગયા પણ કોર્પોરેટર બનવા ગેઝેટ પ્રસિદ્ધિ સુધી રાહ જોવી પડશે

**નવા** મેયર સહિત પદાધિકારીઓની પસંદગી કરવામાં પંદરેક દિવસ નીકળી જશે

સુરતઃ સુરત મહાનગરપાલિકાની ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ હવે વહીવટી અને રાજકીય પ્રક્રિયાનો દોર શરૂ થયો છે. સૌથી પહેલા ચૂંટણી પંચ દ્વારા વિજેતા ઉમેદવારોના નામની યાદી સાથેનું સત્તાવાર ગેઝેટ બહાર પાડવામાં આવશે. સામાન્ય રીતે પરિણામોના 7 થી 10 દિવસની અંદર આ ગેઝેટ પ્રસિદ્ધ કરી દેવામાં આવતું હોય છે. આ ગેઝેટ પ્રસિદ્ધ થયા બાદ મ્યુનિસિપલ કમિશનર દ્વારા ચૂંટાયેલા તમામ 120 કોર્પોરેટરોની પ્રથમ સામાન્ય સભા બોલાવવામાં આવે છે. આ પ્રથમ સભાના એજન્ડામાં જ મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના સભ્યોની વરણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે, એટલે કે, નવી બોડીના વિધિવત કાર્યકાળની શરૂઆત થશે. મેયરની પસંદગી માટે ભાજપમાં પ્રદેશ

...અનુસંધાન પાના 5 પર

### સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પદ માટે સૌરાષ્ટ્રવાસી અને મૂળ સુરતી વચ્ચે સ્પર્ધા

સુરત મહાનગરપાલિકામાં મેયર કરતા પણ પાવરફુલ ગણાતા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પદ માટે ભારે ખેંચતાણ જોવા મળશે. મનપાના 11000 કરોડના વહીવટની ચાવી જેને સંભાળવાની છે તે સ્ટેન્ડિંગ સમિતિ ચેરમેન પદ માટે ગત ટર્મમાં ઓછી હરીફાઇ હતી. પરંતુ આ વખતે ઘણા અનુભવી

...અનુસંધાન પાના 5 પર

### પોશ વિસ્તારમાં વેસુમાં ક્રિકેટ રમતા યુવકો પર કુહાડી-ચપ્પુથી જીવલેણ હુમલો

# આખો 6 ઈંચનો રેમ્બો છરો આંગળાની આરપાર કરી દીધો

**‘સુલતાન’ને** શોધવા આવેલા માથાભારે તત્ત્વોએ આતંક મચાવ્યો, પોલીસ કામગીરી પર સવાલ, આબરૂ બચાવવા પોલીસે પાંચની ધરપકડ કરી

સુરતના સૌથી હાઈપ્રોફાઈલ અને પોશ ગણાતા વેસુ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડતી ઘટના સામે આવી છે. મોડી રાત્રે અંબેડકર નગર-1 ના એસ.એમ.સી. આવાસમાં ‘સુલતાન’ નામના શખ્સની શોધમાં આવેલા સશસ્ત્ર ગુંડાઓએ આતંક મચાવી, ક્રિકેટ રમી રહેલા નિર્દોષ યુવકોને નિશાન બનાવ્યા હતા. હુમલાખોરોએ એટલી ક્રૂરતા દાખવી કે એક ૧૯ વર્ષીય યુવકની આંગળીની આરપાર ૬ ઈંચનું રેમ્બો ચપ્પુ ઉતારી દીધું હતું. આ હૃદયદ્રાવક ઘટનાના વિડીયો વાયરલ થતાં સમગ્ર સુરતમાં ખળભળાટ મચી ગયો છે. વેસુ પોલીસે પોતાની આબરૂ બચાવવા ત્વરિત કાર્યવાહી કરી આઠ આરોપી પૈકી કિશોરને અટકાયતમાં લઇ પાંચની ધરપકડ કરી અન્યોની શોધખોળ હાથ ધરી છે.

વેસુ વિસ્તારમાં આવેલા આંબેડકર નગર-1 એસ.એમ.સી. આવાસમાં રહેતો શની ધર્મા ગૌસ્વામી (ઉ.વ.૨૪) ટેમ્પો ડ્રાઇવર છે. ગત ૨૮ એપ્રિલની મધ્યરાત્રિએ ૧૨:૩૦ વાગ્યાના સુમારે ટેમ્પો ડ્રાઈવર શની ગૌસ્વામી અને તેનો નાનો ભાઈ બોબી મિત્રો સાથે આવાસની બહાર ક્રિકેટ રમી રહ્યા હતા. તે સમયે એસ.ડી. જૈન કોલેજ તરફથી અંશ ઉર્ફે બાબુ ઉપાધ્યાય, પંકજ સેંદાણે, પ્રથમ દાભોલકર સહિત આઠ શખ્સ બાઈક અને મોપેડ પર ઘાતક હથિયારો સાથે ‘સુલતાન’ નામના શખ્સને શોધી રહ્યા હતા. જે બાદ ઉશ્કેરાયેલા ગુંડાઓએ ‘અમે અહીંના ડોન છીએ’ તેમ કહી આડેધડ હુમલો શરૂ કર્યો હતો. હુમલાખોરોએ સંતોષ જગદેવ અને રાહુલ

...અનુસંધાન પાના 5 પર

### રહીશોનો રોષ, વેસુ પોલીસમથકનો ઘેરાવ કર્યો

ઘટના બાદ ઈજાગ્રસ્તોને લોહીલુહાણ હાલતમાં મૈત્રી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બીજી તરફ, પોશ વિસ્તારમાં મોડી રાત્રે ગુંડાઓ હથિયારો સાથે ફરી રહ્યા હોવા છતાં પોલીસ પેટ્રોલિંગ ક્યાં હતું? તેવા સવાલો સાથે રહીશોએ વેસુ પોલીસ સ્ટેશનનો ઘેરાવો કર્યો હતો. પોલીસની ઢીલી નીતિને કારણે જ આવા તત્વો બેફામ બન્યા હોવાનો આક્ષેપ સ્થાનિકોએ કર્યો છે. જોકે, દબાણ વધતા પોલીસે આઠ સામે હત્યાની કોશિશનો ગુનો નોંધી એક કિશોરને અટકાયતમાં લઈ પાંચની ધરપકડ કરી છે, પરંતુ મુખ્ય સુત્રધારો હજુ પણ પોલીસ પકડથી દૂર હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

# ૩૪ વર્ષ બાદ પ્રેતાત્માના ડરે ખૂલ્યું હત્યાનું રહસ્ય, કૂવામાંથી મળ્યો કંકાલ

**અમદાવાદના** વટવામાં પત્નીની હત્યા કરી ઘરના જ કૂવામાં દાટી દીધી હતી

**આત્મા** હેરાન કરતો હોવાના ડરમાં તાંત્રિક વિધિઓ કરાવી

અમદાવાદઃ અમદાવાદ શહેરના વટવા વિસ્તારમાં ૩૪ વર્ષ પહેલાં આચરવામાં આવેલા એક સનસનાટીભર્યા હત્યાકાંડનો ભેદ ઉકેલાયો છે. ૧૯૯૨માં થયેલી આ

...અનુસંધાન પાના 5 પર

### ઘરમાં આત્મા હેરાન કરતો હોવાનું પરિવાર અનુભવતો

આરોપી શમશુદ્દીનના પરિવારના સભ્યોને છેલ્લા કેટલાક સમયથી ઘરમાં કોઇ ‘ પ્રેતાત્માનો આભાસ’ થવા લાગ્યો હતો. પરિવારને સતત એવું લાગતું હતું કે મૃતક ફરઝાનાનો આત્મા ત્યાં જ ઘરમાં જ છે અને તેમને હેરાન કરી રહ્યો છે. આ માનસિક તણાવ અને ડરમાંથી મુક્તિ મેળવવા માટે પરિવારે ભુવા અને તાંત્રિક વિધિઓનો સહારો લીધો હતો. આ વિધિઓ દરમિયાન જ હત્યાની વાત ભૂલેચૂકે બહાર આવી ગઈ અને આ કડીઓ ક્રાઈમ બ્રાન્ચના કાને પહોંચી ગઈ હતી.

### ક્રાઈમ બ્રાન્ચ દ્વારા એક્શન અને તપાસ

મહિલાની હત્યા કરાઈ છે અને તેણીના પ્રેતાત્માથી રક્ષણ મેળવવા ઘરમાં વિધિ ચાલી રહી છે તેવી ચોક્કસ બાતમી મળતા જ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ એક્શનમાં આવી હતી. ક્રાઈમ બ્રાન્ચની ટીમે મેજિસ્ટ્રેટ અને એફએસએલ (FSL) ની ટીમને સાથે રાખી વટવાના કુટુંબ નગર ચોક સ્થિત મકાનમાં ખોદકામ શરૂ કર્યું હતું. કૂવામાંથી નરકંકાલના અવશેષો અને અન્ય પુરાવાઓ એકત્ર કરવામાં આવ્યા છે.

# રાજકોટમાં ૨૦ લાખની લાંચમાં CGST સુપરિટેન્ડેન્ટ ઝડપાયા

**જીએસટી** ચોરી, ખોટા બિલોની પતાવટમાં લાંચ માંગી હતી

**લાંચ** લેતા ટેક્સ કન્સલ્ટન્ટ પણ એસીબીનાં સકંજામાં

### ધરપકડ કરાયેલા આરોપીઓ

- મુકેશકુમાર મનબોધ્ધ કુમાર - સુપરિટેન્ડન્ટ, CGST, રાજકોટ.
- આકાશ રમેશભાઇ કલોલીયા - ટેક્સ કન્સલ્ટન્ટ (ખાનગી વ્યક્તિ)

ગાંધીનગરઃ લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો (ACB ) એ રાજકોટમાં એક મોટી કાર્યવાહી કરતાં સેન્ટ્રલ જી એસટી (CGST)ના સુપરિટેન્ડન્ટ અને એક ખાનગી ટેક્સ કન્સલ્ટન્ટને ૨૦ લાખ રૂપિયા ની મસમોટી લાંચ લેતાં રંગેહાથ ઝડપી પાડ્યા છે. જીએસટી ચોરી અને ખોટા બિલોના કેસમાં પતાવટ કરવા માટે આ લાંચ માંગવામાં આવી હતી.

આ કેસ ની ટૂંકમાં વિગત મુજબ, એક વેપારી વિરુદ્ધ CGST કચેરીમાં જીએસટી ન ભરવા અને ખોટા બિલો બનાવવા બાબતે અરજી થઈ હતી. આ અરજીની પતાવટ કરવા અને મોટો કેસ ન કરવાના બદલામાં CGST ડિવિઝન-૧, રેન્જ-૫ ના સુપરિટેન્ડન્ટ મુકેશકુમાર મનબોધ્ધ કુમાર (ઉ.વ.૪૩) એ ફરિયાદી પાસે શરૂઆતમાં ૨૫ લાખ રૂપિયાની માંગણી કરી હતી. લાંબી રકઝક અને વાતચીતના અંતે ૨૦ લાખ રૂપિયામાં સોદો નક્કી થયો હતો. સુપરિટેન્ડન્ટ મુકેશકુમારે આ રકમ રાજકોટના

...અનુસંધાન પાના 5 પર




**ચોથી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ**

તમારા મધુર સ્મરણો અંકિત છે અમારા હૃદયમાં,
તમારા કર્મોની સુવાસ જીવંત છે અમારા શ્વાસમાં
સદેહે તમે નથી એ સચ્ચાઈ છે પણ,
અસ્તિત્વમાં તમે છો અને રહેશો એજ વિશ્વાસ છે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લિ. જયેશકુમાર હરિલાલ દલાલ (પતિ)
સની જયેશકુમાર દલાલ (પુત્ર) વીમ્મી સની દલાલ (પુત્રવધુ)
પૂજા યુકલીસકુમાર કઢીવાળા (પુત્રી) યુકલીસકુમાર કિશોરભાઈ કઢીવાળા (જમાઈ)
હેતલ મયંકકુમાર લાપસીવાળા (પુત્રી) મયંકકુમાર નંદકિશોરભાઈ લાપસીવાળા (જમાઈ)
જેની કેનનકુમાર સંખેડાવાલા (પુત્રી) કેનનકુમાર યોગેશભાઈ સંખેડાવાલા (જમાઈ)
કિઆન સની દલાલ (પૌત્ર)
નિષ્ઠ, ફેયા, આયુષ, ફેવીન
તથા સમસ્ત દલાલ પરિવાર

સ્વ. અ.સૌ. મિનાક્ષીબેન જયેશકુમાર દલાલ
જન્મ તા. ૦૪/૧૨/૧૯૫૮
સ્વ. તા. ૩૦/૦૪/૨૦૨૨

નિવાસસ્થાન : એ-૯૦૨, ફલોરેન્સ એપાર્ટમેન્ટ, વી.આઈ.પી. ચાર રસ્તા, વેસુ, સુરત.

**અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

**ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧**

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**અનાવિલ અવસાન**



દિલગીરી સહ જણાવવાનું કે અમારા સ્વજનશ્રી ડૉ. કિરણ હરિભાઈ દેસાઈ (ચણવઈ) નું મંગળવાર તા. ૨૮-૦૪-૨૬ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સ્વજનની સ્મશાનયાત્રા અમારા નિવાસ સ્થાનેથી તા. ૩૦-૪-૨૬, ગુરૂવાર સવારે ૧૧.૦૦ વાગ્યે નીકળી ઉમરા રામનાથ ઘેલા સ્મશાનગૃહે જશે.

સદ્‌ગતનું સંયુકત બેસણું તા. ૧-૫-૨૦૨૬ને શુક્રવારના રોજ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ દરમિયાન ‘‘ભરતીયા પોલીટેકનીક’’ BPAH Hall, પાંજરાપોળ ટ્રસ્ટ, ઘોડદોડ રોડ, સુરત મુકામે રાખેલ છે.

નોંધ : લૌકિક રિવાજ સદંતર બંધ છે.

સ્વ.ડૉ. કિરણ હરિભાઈ દેસાઈ
(ચણવઈ)
સ્વ. તા. ૨૮-૪-૨૦૨૬

શોકાતુર
ડૉ. શૈલા કિરણ દેસાઈ (પત્ની)
ડૉ. હાર્દિક કિરણ દેસાઈ (પુત્ર)
ડૉ. હિક્સુ હાર્દિક દેસાઈ (પુત્રવધુ)
ડૉ. કિન્નર કિરણ દેસાઈ (પુત્ર)
રોઝ કિન્નર દેસાઈ (પુત્રવધુ)
ક્રિસ, કિયારા, કાયરા
આશા સુરેશભાઈ દેસાઈ (બહેન)
શ્વસુર પક્ષ :
આશિત વિરેન્દ્ર ગાંધી (સાળા)
નેહા આશિત ગાંધી
ડૉ. હીના પરીખ (સાળી)
ડૉ. કુશલ, ડૉ. કવન

નિવાસ સ્થાન : ૧૧, સર્વોદય પાર્ક સોસાયટી-૧, વિવેકાનંદ ગાર્ડન પાછળ, રૂપાલી કેનાલ પાસે, ભટાર રોડ, સુરત.

**૨૩મી પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ**



સ્વ. ભગવાનદાસ બાલુભાઈ પટેલ
સ્વ. તા. ૩૦.૦૪.૨૦૦૩

(બમરોલી)



સ્વ. શાંતિલાલ ભગવાનદાસ પટેલ
સ્વ. તા. ૨૫.૦૨.૨૦૧૨

સ્નેહના સાગર સમા હર કોઈને પોતાના ગણી, પોતાના પ્રેમાળ હૈયાથી ઓળખનારા, આપનો હસતો ચહેરો, પ્રેમાળ સ્વભાવ અમારા માટે પ્રેરણાદાયક રહેશે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ.
ગં.સ્વ. કમળાબેન ભગવાનદાસ પટેલ ગિરિશભાઈ ભગવાનદાસ પટેલ
અરૂણભાઈ ભગવાનદાસ પટેલ પંકજભાઈ ભગવાનદાસ પટેલ
હેમંતભાઈ ભગવાનદાસ પટેલ ઉત્તમભાઈ ડાહ્યાભાઈ પટેલ
હરિશભાઈ ભગવાનદાસ પટેલ મિતેષભાઈ શાંતિલાલ પટેલ
પ્રવિણભાઈ ભગવાનદાસ પટેલ મોન્ટુભાઈ અરૂણભાઈ પટેલ
ઉવર્શી, પિન્કેશ, દિપ, જિયા, મેઘા, પ્રિયાંશી, નિલ, આયુષી, વ્રજ, ધ્રુવિક, દક્ષ, એલવિશા, વિઆન, વૃશાંક, હેડન, કાષવિ, નક્ષીવ